અંજલિ

સૌની સુખાકારીમાં સમર્પિત



સર્જીકલ ઓપરેશન કેમ્પ

Surgical Operation Camp



મોતિયાના ઓપરેશન

Cataract Operation



બચત મંડળની વાર્ષિક મીટીંગમાં કાયદા અંગે વિડીયો જોતા બેનો

Saving group members for Annual Meeting




વૃક્ષારોપણ

Tree Plantation

# ANJALI

વાર્ષિક અહેવાલ ૨૦૧૮ -૨૦૧૯

Annual Report 2018-2019




**અમદાવાદ તથા વડોદરાથી રણાસણ પહોચવા માટે :**

સરદાર પટેલ રીંગ રોડથી નીચે પ્રમાણે આવી શકાય:

૧) સરદાર પટેલ રીંગ રોડ ઉપરથી દહેગામ સર્કલ (ઓટો વર્લ્ડ સર્કલ) થી દહેગામ - રખિયાલ તથા હરસોલ થઈને

૨) નેશનલ હાઇવે ઉપરથી (a) ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** (b) નેશનલ હાઇવે ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

૩) ગાંધીનગરથી ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** નેશનલ હાઇવે ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

સંપર્ક : **૯૪૨૮૫૧૩૪૩૭** રસ્તા અંગેની વધારે સમજણ માટે

# અંજલિ

## સોસાયટી ફોર રૂરલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ

### વાર્ષિક અહેવાલ
### ૨૦૧૮-૨૦૧૯

અંજલિ: પો: રણાસણ, તાલુકો: તલોદ-૩૮૩૩૦૫ જી: સાબરકાંઠા ગુજરાત.

ANJALI : Po: Ranasan, Ta. Talod-383305, Dist: Sabarkantha, Gujarat
Phone : (02770) 282034, 282135
Mobile: 9426413192, 9925747740
e-mail : anjalisrhd@yahoo.com, anjalisrhd2@gmail.com web: www.anjalisrhd.org

# મુખ્ય પ્રવૃત્તિઓ

**૧. આરોગ્ય**

૧. પ્રાથમિક સારવાર
૨. જેનેરિક અને રાહત દરે દવાઓ
૩. રાહત દરે લેબોરેટરી , એક્સ-રે તથા સગર્ભા માતા માટે સોનોગ્રાફી તપાસ
૪. રાહત દરે માતા અને બાળસંભાળ (૨૪ x ૭ સુવાવડની સુવિધા)
૫. તાત્કાલિક (ઈમરજન્સી) સેવાઓ
૬. આંખની સંભાળ, જરૂરિયાતમંદ માટે નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન
૭. દમ, શ્વાસ ના રોગો, ડાયાબીટીસ, બીપી, વાઈ, ટીબી, હૃદયની તકલીફો જેવા લાંબા સમય સારવારની જરૂરિયાતવાળા રોગો માટે, જરૂરિયાતમંદ લોકો માટે ક્રોનિક ડીસીઝ સેન્ટર, જેના થકી રાહત દરે લેબોરેટરી, દવાઓ તથા દાખલ કરીને સારવારની સવલત
૮. ૨૪ x ૭ રાહત દરે / નિ:શુલ્ક એમ્બ્યુલન્સની સુવિધા
૯. સર્જીકલ, ગાયનેક, આંખના ઓપરેશનની સુવિધા

**૨. લોક સમૂહ આધારિત વિકાસ કાર્યક્રમ (સી.બી.ડી.એ.)**

૧. બચત મંડળ થકી ગામડાઓની બહેનો માટેનો સશક્તિકરણ કાર્યક્રમ
૨. કિશોરીઓ માટેનો કાર્યક્રમ
૩. લોક સમૂહ આધારિત ઊંડાણના ગામડાઓમાં આંખના મોતિયાના ઓપરેશન કેમ્પ તથા સર્જીકલ ઓપરેશન કેમ્પ

**૩. પર્યાવરણ સમૃદ્ધિ કાર્યક્રમ**

૧. વૃક્ષારોપણ (વનીકરણ)
૨. વરસાદી પાણીનો સંગ્રહ કરવાના પ્રયત્નો

સ્નેહી શ્રી,

વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાનની કામગીરીનો તથા નાણાકીય હિસાબનો અહેવાલ આપતા આનંદ અનુભવું છું. પણ આ વર્ષ આનંદ સાથે ગમગીન પુરવાર થયું છે. આ વર્ષ દરમ્યાન અંજલિના પાયાના કાર્યકર, સ્થાપક ટ્રસ્ટી, અમારા માર્ગદર્શક અને વડીલ બંધુ ડો. હસમુખભાઈ શાહને અમે ગુમાવ્યા છે. અંજલિની શરૂઆતથી અને આટલા વર્ષો દરમ્યાન અંજલિની કામગીરીમાં તેઓ પ્રોત્સાહનનું તથા સહયોગનું ઇંધણ પુરવામાં (પૂરતા રહ્યા છે) સક્રિય રહ્યા છે. અંજલિની ટીમને તેઓની ખોટ હંમેશા સાલશે.

અંજલિ હોસ્પિટલનું કામ આયોજન પ્રમાણે સરસ રીતે કરી શક્યા. દર્દીઓની જરૂરિયાત અને અંજલિ હોસ્પિટલ ધ્વારા પર્યાપ્ત સેવાઓ ઉપલબ્ધ કરાવી શક્યા. વર્ષ દરમ્યાન માળખાકીય સુધારા અને માનવીય આવન જાવન પણ થતી રહી.

દરેક બાબત, વસ્તુ, સમયની સાથે પરિવર્તનશીલ છે. આ પરિવર્તનમાં આપણે માધ્યમ બની રહીએ એને પરમની કૃપા માનીએ. વર્ષ દરમ્યાન બહેનો સમજી શકે અને અપનાવી શકે એવા સાદા અને સરળ કાર્યક્રમનું આયોજન કરવાનો પ્રયત્ન થતો રહ્યો છે.

પૂ. ગાંધીજી વર્તમાન સમયમાં પણ પ્રસ્તુત છે, એમ સૌને લાગી રહ્યું છે. પરંતુ વાત કરવાથી આ વિચાર ઉજાગર નહિ થાય. આપણે આપણા રોજીંદા જીવનમાં આ બાબતને વણી લેવી પડે. ગાંધીજી હાલમાં જીવતા હોત તો ૧૫૦ વર્ષના હોત. આપણી પાસે ભલે ગાંધીજી સદેહે નથી પરંતુ તેમના વિચારો ચિરદાઈ છે. આપણો અમુલ્ય વારસો છે. આ વારસાને ભૂલી ના જઈએ. એ હેતુથી "ગાંધી ૧૫૦" આખું વર્ષ સંસ્થામાં કાર્યકરો સાથે રહી વિવિધ કાર્યક્રમો ધ્વારા ઉજવવાનું નક્કી કર્યું અને ગાંધીજીના ગુણ ગ્રહણ કરવાના પ્રયત્નો કર્યા.

આ વર્ષ દરમ્યાન પણ વૃક્ષારોપણ સઘન રીતે કર્યું. આજુબાજુના બે – ત્રણ ગામમાં લંબાવવાનું આયોજન કર્યું. પરંતુ જયારે વૃક્ષારોપણની શરૂઆત થઇ ત્યારે બધાએ હા પાડીને પછી ના પાડી દીધી. એવો અનુભવ થયો કે આ પૃથ્વી પર ફક્ત માણસોનેજ, જીવવાનો હક્ક છે. વનસ્પતિ, જીવ, જંતુ, પશુ, પક્ષીને નથી.

આ બધી વાત/કામો અમે ત્યારે જ કરી શકીએ છીએ જયારે તમારા જેવા મિત્રો, શુભેચ્છકો, દાતાશ્રીઓ, સખાવતી સંસ્થાઓ ધ્વારા નાણાકીય સહયોગ, માર્ગદર્શન, હુંફ અને વિશ્વાસ મળ્યા છે.

આગામી વર્ષોમાં પણ આપણો સાથ કાયમ રહે એવી આશા સાથે વિરમું છું

શુભેચ્છાઓ સાથે.

અનિતા શાહ

મેનેજીંગ ટ્રસ્ટી

૨૯/૦૯/૨૦૧૯

# અંજલિ વિષે

અંજલિ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૮૮ માં થઈ હતી. સંસ્થાની પ્રવૃત્તિઓનો પ્રારંભ ૨૯ જાન્યુઆરી ૧૯૮૯ થી થયો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સંસ્થાના સ્થાપકો પ્રાપ્ત કાબેલીયત અને આવડત ગામડાઓના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે કામે લગાડવાના ધ્યેય સાથે અંજલિ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

અંજલિ, રણાસણ ગામમાં સ્થિત સ્વૈચ્છિક સંસ્થા છે. રણાસણ ૫૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે જે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકામાં આવેલું છે.

તકવંચીત અને જરૂરિયાતમંદ લોકોને લક્ષિતજુથ બનાવી સંસ્થાની શરૂઆત આરોગ્યની પ્રવૃત્તિઓથી થઈ અને તબક્કાવાર આરોગ્યની પ્રવૃત્તિઓનો વિકાસ થયો અને અન્ય પ્રવૃત્તિઓ ઉમેરાતી ગઈ.

હાલ ૭૫ પથારીની અંજલિ હોસ્પિટલ, ઉંડાણના ૪૯ ગામોમાં બહેનો માટેનો કાર્યક્રમ (મુખ્યત્વે બચત મંડળ આધારિત) અને પર્યાવરણ સમૃધ્ધિની પ્રવૃત્તિઓમાં અંજલિ સક્રિય રીતે કાર્યરત છે. બાળકો,યુવાનો તથા ગાંમડાઓના વિકાસલક્ષી કાર્યક્રમોમાં સંસ્થા રૂચી ધરાવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓ સંસ્થાકીય અને વ્યક્તિગત દાન ઉપર નભે છે.

વિસ્તાર રેતાળ અને પથરાળ છે. વાતાવરણ સુકું અને હવામાન ગરમ (૮-૯ મહિના) અને ઠંડું (૩ મહિના). વરસાદ અનિયમિત અને ભરોસાપાત્ર નથી. બે નદી છે જે વરસાદની ઋતુમાં વહેતી હોય છે. ખુબ ઓછા તળાવો છે, જેમાંથી થોડામાંજ બારે માસ પાણી રહે છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. વિસ્તારમાં થોડા ઉદ્યોગો છે. ભણતરનું પ્રમાણ ઓછું છે. મુખ્ય લોક સમુદાયો આર્થિક અને સામાજીક રીતે ઓછા વિકસીત છે.

ઠાકોર, દલીત, રાવળ, વાઘરી, વણજારા, વાદી, પગી, રબારી સમાજના લોકો આ વિસ્તારની બહુમતી પ્રજા છે  આ પ્રજા નાની જમીન ધરાવે છે અને મોટા ભાગે ખેત મજુરનું અથવા છૂટક મજુરીનું કામ કરે છે અને અન્ય આવકના સ્ત્રોત  માટે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. આ જૂથ ઉપરાંત સ્થળાંતર કરેલા આદિવાસી ખેત મજૂરો તથા અન્ય મજૂરો અને આર્થિક રીતે નબળા લોકો અંજલિની પ્રવૃત્તિઓના લાભાર્થી જૂથો છે.

## Vision and Mission Statement

### Vision

Promotion of health & all round development of rural population without any distinction of caste, colour or creed

### Mission

1. Activities promoting community health & primary health care.
2. Rational- ethical & subsidised rural hospital services.
3. Empowering education to women, children, youth and over all development of rural population & rural areas.
4. Environment enrichment by tree plantation, rain water harvesting & use of renewable energy.
5. Activities conducive to & fostering moral and ethical values.

૧ **આરોગ્ય** :

વર્ષ ૨૦૧૮-૧૯ માં અંજલિ હોસ્પિટલમાં થયેલ વિવિધ આરોગ્યની કામગીરી આંકડામાં નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૮-૧૯ |
|---|---|
| ઓપીડી દર્દીઓ | ૭૪૬૬૯ |
| નવા દર્દીઓ | ૨૬૩૧૫ |
| જુના દર્દીઓ | ૪૮૩૫૪ |
| રોજના સરેરાશ દર્દીઓ | ૨૪૨ |
| ઓપીડીમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૮૬.૦૨% |
| દાખલ દર્દીઓ | ૪૭૫૯ |
| દાખલ દર્દીઓમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૮૯.૬૬% |
| ટીબીના નવા દર્દીઓ / ડોટ્સ માં ટ્રાન્સફર | ૪૯૬/૪૯૬ |
| ડીલીવરી (સુવાવડ) | ૫૭૩ |
| રસી | ૨૧૫૯ |
| લેબોરેટરી | ૮૦૨૬૮ |
| એક્સ – રે | ૪૦૨૨ |
| ઓપરેશન કુલ<br>આંખના<br>અન્ય | ૨૯૭૭<br>૨૨૨૪<br>૭૫૩ |
| એમ્બ્યુલન્સ વિઝીટ | ૭૧૩ |
| એએનસી મુલાકાત (સગર્ભા બેનોની તપાસ) | ૫૧૫૭ |
| જમવાનું દર્દી (ડીશ) | ૧૯૨૮૦ |
| નાસ્તો અને દૂધ (સવાર–સાંજ) | ૧૭૭૨૫ |

કોઈપણ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ, હોસ્પિટલ લાઈફ લાઈન કહેવાતી હોય છે. અંજલિ હોસ્પિટલમાં શરૂઆતથી એમ્બ્યુલન્સની સુવિધા છે. પરંતુ સમય પ્રમાણે વાહનના ઘસારા મુજબ બદલતા પણ રહીએ છીએ. કારણ એમ્બ્યુલન્સને up to date રાખવી પડે. મહિન્દ્રા ફાઈનાન્સ સાથે છેલ્લા બે વર્ષથી એમ્બ્યુલન્સ અંગે ચર્ચા / વાતચીત ચાલતી હતી. આ વર્ષે મહિન્દ્રા ફાઈનાન્સના CSR Fund માંથી અંજલિ હોસ્પિટલને બોલેરો એમ્બ્યુલન્સ (માટે ફંડ આપવામાં આવ્યું જેમાંથી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની એમ્બ્યુલન્સ લેવામાં આવી) દાન તરીકે આપવામાં આવી. સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સને લીધે દર્દીઓને લેવા જવાનું થતુ નથી. પરંતુ દાખલ દર્દીઓ સારા થઈને ઘરે જવામાં ઉપયોગમાં લે છે. વળી દાખલ થયેલ દર્દીઓને Sonography માટે અથવા Consultant reference માટે પણ એમ્બ્યુલન્સનો ઉપયોગ થાય છે. વળી અંજલિ હોસ્પિટલના આસપાસના અમુક ગામો અંજલિ હોસ્પિટલની એમ્બ્યુલન્સનો ઉપયોગ અંજલિ હોસ્પિટલમાં આવવા માટે કરે છે. સ્પાઇનના દર્દી, કે ઉંમરવાળા

દર્દીઓની સારવાર હિંમતનગર કે અમદાવાદ ચાલતી હોય તો તેવા દર્દીઓ એમ્બ્યુલન્સનો ઉપયોગ કરતા હોય છે.

દર વર્ષની જેમ રણાસણ, પોશીના અને કસાણા સર્જીકલ કેમ્પનું આયોજન કર્યું. આંખના મોતિયાના નિદાન કેમ્પ દર બુધવારે ગોઠવવામાં આવ્યા. રણાસણની આજુબાજુના ૨૫ કી.મીના વ્યાસમાં અમુક ગામો નક્કી કર્યા. જ્યાં નિયમિત રૂપે વર્ષમાં એકવાર કેમ્પ કરવો, એવું નક્કી કર્યું. અંજલિ હોસ્પિટલમાં તો પૂર્ણ સમયનું આંખનું કામ ચાલે જ છે.

| વિગત | કુલ કેમ્પ | ઓપીડી | ઓપરેશન | આંખના નંબરના ચશ્મા |
|---|---|---|---|---|
| આંખના કેમ્પ-અરવલ્લી જીલ્લો | ૧૭ | ૩૬૦૫ | ૧૯૮ | ૨૦૪૫ |
| આંખના કેમ્પ-સાબરકાંઠા જીલ્લો | ૩૩ | ૭૪૯૦ | ૬૦૦ | ૪૧૨૦ |
| **કુલ** | **૫૦** | **૧૧૦૯૫** | **૭૯૮** | **૬૧૬૫** |

| વિગત | કુલ કેમ્પ | ઓપીડી | ઓપરેશન |
|---|---|---|---|
| સર્જીક્લ કેમ્પ - અરવલ્લી જીલ્લો | ૦૧ | ૧૪૩ | ૪૨ |
| સર્જીક્લ કેમ્પ - સાબરકાંઠા જીલ્લો | ૦૨ | ૩૯૨ | ૧૮૯ |
| **કુલ** | ૦૩ | **૫૩૫** | **૨૩૧** |

મહેન્દ્રભાઈ હરેશભાઈ ખાન્ખર, ઉમર ૧૫ વર્ષ, મેઘરજ તાલુકાના ગોધાવાડાના વતની. તેઓ અંજલિ હોસ્પિટલમાં ઓપીડીમાં ડોક્ટરને બતાવવા આવ્યા. તેમની હાલત જોઈ, તપાસ કરી, લેબોરેટરીમાં તપાસ કરાવતા જાણ થઈ કે, તેમના શરીરમાં લોહીનું પ્રમાણ ફક્ત ૧.૬૦ ગ્રામ જ હતું. તેમનાથી બેસાતું કે ચલાતું ન હતું. તેઓને દાખલ કર્યા. અંજલિ હોસ્પિટલના બ્લડ સ્ટોરેજ સેન્ટર માંથી ૨ લોહીના બોટલ અને ૨ બોટલ હિંમતનગર બ્લડ બેન્કમાંથી લાવીને ચઢાવવામાં આવી. કુલ ૪ બોટલ લોહી ચઢાવ્યું. સાથે સાથે ખોરાકની પણ કાળજી રાખવામાં આવી. અંજલીના રસોડા વિભાગમાંથી તેમના માટે પ્રોટીનયુક્ત અને પોષ્ટિક ખોરાક આપવામાં આવ્યો. ધીરે ધીરે તેઓ ચાલતા થયા. તેમના લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ પણ વધ્યું. આ દિવસો દરમ્યાન તેમની સાથે કાઉન્સેલિંગ કરતાં તેઓ તમાકુનું (મસાલા,ગુટકા) ખુબ વ્યસન કરતાં હતા તેની જાણ થઈ. ધીરજ અને લાગણીથી તેમને વ્યસનના કારણે શારીરિક તકલીફ થઈ છે તે વાત સમજાવી. તેમણે રજા આપતા સમયે ખોરાકમાં લેવાની કાળજી, નિયમિત ગોળી ગળવાની વાત અને વ્યસન ન કરવાનું સમજાવ્યું. તેઓ નિયમિત ફોલોઅપમાં બતાવવા આવ્યા. બધી વાત સમજીને પાલન કર્યું. દોઠ મહિના પછી તેમના લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ૯ ગ્રામ થઈ ગયું હતું.

## ૨ "ગાંધી ૧૫૦"

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની ૧૫૦મી જન્મજયંતી ૨૦૧૮-૧૯ નું વર્ષ " ગાંધી ૧૫૦" વર્ષ તરીકે આખી દુનિયામાં મનાવાઈ / ઉજવાઈ રહ્યું છે. અંજલિની કામગીરી પણ ગાંધીજીના વિચારની દિશામાં થઇ રહી છે એટલે અંજલિએ પોતાની રીતે ઉજવવાનું નક્કી કર્યું. આમતો ગાંધીજી આપણી રોજ બરોજની પ્રવૃત્તિમાં વણાઈ ગયા છે / વણાઈ જવા જોઈએ, પરંતુ નવી પેઢીને અને ગામડાના સ્થાનિક કાર્યકરો સાથે આ બાબતે વિવિધ પ્રવૃત્તિ અથવા ચર્ચાનું આયોજન કરવામાં આવે તો રોજીંદા કાર્યક્રમોમાં તાજગી આવે  અને પોતાને ગાંધીજી સાથે જોડી શકે.

સાબરકાંઠા જીલ્લામાં પણ "ગાંધી ૧૫૦"ની ઉજવણીના ભાગરૂપે સ્વૈચ્છિક સંસ્થાઓની સમિતિ બનાવી છે. જેઓ વિવિધ કાર્યક્રમો પોતાની સંસ્થાઓમાં કરશે.

નજીકની સંસ્થા સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ અને વિશ્વમંગલમ, અનેરા સંસ્થામાં જયારે કાર્યક્રમનું આયોજન થાય એટલે અમે એમાં ભાગ લેવાનો પ્રયત્ન કર્યો છે.

બાળકો એટલે શક્તિનો કુંભ, ઉત્સાહનો ખજાનો. અંજલિએ "ગાંધી ૧૫૦" ની ઉજવણીના ભાગરૂપે રણાસણની આજુબાજુના નવ ગામની પ્રાથમિક શાળાઓમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિ કરાવી, પોષ્ટિક આહાર આપ્યો, તૈયાર નાસ્તાના પડીકા માંથી પોષણ મળતું નથી, આ અંગે બાળકો અને માતાઓમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો. બાળકોને રમવાની નવી નવી વસ્તુઓ બનાવતા (વેસ્ટ માંથી બેસ્ટ) શીખવ્યું, ગીતો ગવડાવ્યાં, અભિનય કરાવ્યા અને રમતો રમાડી. ગીતો /રમતો પણ પોષણને લગતા જ ગવડાવવામાં આવ્યા અને રમાડવામાં આવ્યા.જુદા જુદા પોષણ યુક્ત નાસ્તા કરાવ્યા. બાળકોને બહુ જ મજા પડી. માતાઓને બાળકોને ભાવતી વિવિધ વાનગી બનાવતા શીખવ્યું. જેથી પડીકા ખાવાની ટેવ માંથી છુટે. ત્રણ મહિના સુધી પ્રવૃત્તિ કરી અને છેલ્લે દરેક બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી.

૫૨૯ બાળકોને તપાસ્યા (હ્રદય, ફેફસાં, દાંત, નાક, કાન, ગળુ અને આંખની તપાસ) અને જરૂર હોય તેમને સારવાર આપવામાં આવી.સાથે સાથે માતાઓને આરોગ્યનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

અંજલિના હોલમાં "ગાંધી" ફિલ્મનું આયોજન કર્યું જેમાં ગ્રામજનોને પણ આમંત્રણ આપ્યું.

સ્ટાફના કાર્યકરોને ગાંધીની નજીક લઇ જવા માટે ગાંધી કુટીર - ગાંધીનગર, અને ગાંધી આશ્રમ - અમદાવાદનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો. ઘણા કાર્યકરોએ આ બંને યાત્રા સ્થળ જોયા ન હતા. દરેકને ગાંધીજી વિષે ખબર હતી પણ ગાંધી કુટીરમાં ગાંધીજીના જીવનને હાલની પ્રવર્તમાન ટેકનોલોજી ધ્વારા જોયા ન હતા. તે જોવાની, માણવાની મજા આવી અને ઘણું જાણવાનું મળ્યું.

3 **બહેનોની પ્રવૃત્તિ**

આખા વર્ષ દરમ્યાન દરેક ગામમાં, મંડળમાં માસિક મીટીંગ થઇ. જયારે ખેતરના કામની સીઝન હોય ત્યારે માસિક મીટીંગમાં બેનોની હાજરી ઓછી હોય પણ એકંદરે વર્ષ દરમ્યાન મીટીંગ, હિસાબ માટે, અંજલિમાં વાર્ષિક મીટીંગમાં હાજરી અને પ્રવાસમાં ઉત્સાહભેર ભાગ લીધો.

- આ વર્ષે અંજલિમાં યોજાતી દરેક મંડળની વાર્ષિક મીટીંગમાં આરોગ્યને લગતો મુદ્દો હતો "દાંતની સંભાળ". ગામમાં ખાસ દાંતની સંભાળ રાખવાની વાત આવે એટલે બધા હસવામાં કાઢી નાખતા હોય છે. અંજલિ હોસ્પિટલમાં દાંતના નિષ્ણાત ડોક્ટરની સેવા દરરોજ મળે છે. દાંતના નિષ્ણાત ડોકટર ધ્વારા દાંતની સંભાળ કેમ રાખવી, કેવી રીતે રાખવી, દાંતમાં તકલીફ ઉભી થાય તો હવે નવી નવી ઉપલબ્ધ સારવાર અંગે માહિતી આપવામાં આવી. દરેક બેનના દાંતની તપાસ કરવામાં આવી અને જરૂરિયાત પ્રમાણે માર્ગદર્શન આપ્યું. જે બેનને સારવારની જરૂરિયાત જણાઈ તેમને તારીખો (એપોઇન્ટમેન્ટ) આપી અને આ બેનોને સારવારમાં રાહત આપવામાં આવી. (અંજલિ હોસ્પિટલના દરો ખાનગી દવાખાનાની સરખામણીમાં ઘણા ઓછા છે.) અમારો અનુભવ રહ્યો કે આટલી સગવડ આપવા છતાં ઘણા બેનો તપાસ કરાવતા નહિ. તપાસ કરાવ્યા પછી નક્કી કર્યા મુજબ સારવાર માટે આવતા નહિ. બેનોને ડર બહુ લાગે અને સમજતા હોવા છતાં ગંભીરતા ન હોય એવું લાગ્યું.

  અગાઉ લીધેલ મુદ્દામાંથી ફરી એકપછી એક મુદ્દા લેવાથી એ મુદ્દાની ફરી સમજ તાજી થાય. એ હેતુથી બેનોને "ઘરેલું હિંસા " વિષે માહિતી વિડીઓ ધ્વારા આપવામાં આવી.

  દર વર્ષની જેમ શાકભાજીનું બિયારણ પણ આપવામાં આપ્યુ, જે બેનો હોશે હોશે લે છે, વાવીને, શાક ખાય છે અને ખવડાવે છે.

- "ગાંધી-૧૫૦" ની ઉજવણી આખી દુનિયામાં ચાલી રહી છે. બેનોને એક દિવસનો પ્રવાસ ખુબ ગમે. બધા બેનોને વાત કરી અને આ વર્ષે ગાંધી આશ્રમ - અમદાવાદ અને ગાંધી કુટિર - ગાંધીનગર ના પ્રવાસે ગયા. ગાંધી આશ્રમના સંચાલક બેને ખુબ સરસ રીતે બેનોને ગાંધીજીના જીવન ઝરમરની વાતો કરી. ગાંધીજી તો ભારત દેશમાં વ્યાપક છે. દરેકના દિલમાં વસેલા છે. મોટા ભાગની બેનો ગાંધીજીના ફોટા કે વિડીયો, ફિલ્મમાં આવે એટલે આદરભાવથી પગે લાગતા હતા. ગાંધી આશ્રમમાંથી ઘણા બેનોએ વસ્તુઓ પણ ખરીદી. બેનોનો પ્રતિભાવ હતો કે આવી પવિત્ર જગ્યાએ અમને લઇ જવાય એવો કોઈને વિચાર પણ ના આવે. અમે તો ધન્ય થઇ ગયા.
- ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૧૩ ગામના મંડળના બેનોએ પોતાની જાતે ઢોલ નગારા સાથે ગામમાં રેલી કાઢી. અમુક ગામમાં અમે પહોચી ન શક્યા, ત્યારે બેનોએ ફોટા પાડી, અમને મોકલ્યા. (સ્વયંભુ) બેનો જાતે નક્કી કરી ગામમાં રેલીરૂપે નીકળતા થયા અને પોતાની વાત, વિચારને સમાજ સમક્ષ મુકતા થયા.
- અંજલિ ઘણા વર્ષોથી વૃક્ષારોપણ દર વર્ષે કરે છે. મંડળની બહેનોને અગાઉના વર્ષમાં બે વખત વૃક્ષોના રોપા આપ્યા હતા. જેનો અનુભવ ખુબ સરસ હતો. આ વર્ષે ૪ (ચાર) ગામમાં બચત

મંડળની બેનો થકી ગામમાં તેઓએ પસંદ કરેલ જગ્યા પર સામુહિક પ્રયત્નોથી વૃક્ષારોપણ કર્યું. જેમાં ગામના બાળકો અને અન્ય ગ્રામજનો પણ જોડાયા. ચારણવંટા(મંદિર), વજાપુર(મંદિર), દેવોડીયા (મંદિર), કઠવાડા (મંદિર) ગામોમાં બચત મંડળ દ્વારા ૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

- વર્ષ ૨૦૦૯ માં મંડળના દરેક બેનોને પોષણયુક્ત ઘાસનું બિયારણ આપ્યુ હતું. બેનો આ બિયારણ અંગે પૂછતા અને મંગાવી આપવા માટે કહેતા. આટલા વર્ષોમાં બિયારણની કીમત પણ ખાસી વધી ગઈ હતી. છતાં બેનો રકમ ચુકવવા તૈયાર હતા. આ બિયારણ રાજસ્થાનથી મંગાવેલું અને ગુજરાતમાં તેના વિતરક ન હતા. તેઓ ટ્રક ભરીને મોટો ઓર્ડર હોય તો જ મોકલે. અમે રણાસણના સ્થાનિક વેપારીને વાત કરી. તેઓએ આ બિયારણ મંગાવ્યું. અમે બેનોને જણાવ્યું. ૨૦૭ બેનોએ આ બિયારણ ખરીદ્યું. બેનો મુખ્યત્વે ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે. તેથી તેઓને આ ઘાસના બિયારણનો ખુબ સારો અનુભવ થયો.
- બહેનોના કાર્યક્રમમાં આપણે કિશોરી પ્રવૃત્તિને પણ પ્રાધાન્ય આપ્યું છે. પહેલા અમે ગામમાં જ આ પ્રવૃત્તિ કરતા હતા. પરંતુ કિશોરીઓ બદલાતી રહે અને ગંભીરતા નથી રહેતી એવું લાગ્યું. તેથી અમે રણાસણની આજુબાજુના ૧૨ ગામની સ્કુલોમાં મહિનામાં એક વખત કિશોરીઓના જુદા જુદા મુદ્દા જેવા કે શારિરિક અંગો, કિશોરાવસ્થાના ફેરફારો, માસિક ચક્ર, સ્વચ્છતા, પોષણ, વ્યસન વગેરે મુદ્દાઓ લઈને જુદા જુદા માધ્યમો ધ્વારા માહિતી આપી.આ કિશોરીઓની અંજલિમાં ચાર શિબિર પણ કરવામાં આવી.

  ૧૨ ગામની શાળાની ૪૬૭ કિશોરીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો.
- "ગાંધી ૧૫૦" નિમિત્તે બેનોની પ્રવૃત્તિના ગામોમાંથી ૯ ગામમાં બાળકોની પ્રવૃત્તિ મુખ્યત્વે પોષણ (પૌષ્ટિક આહાર) ને ધ્યાનમાં રાખી કરવામાં આવી.

**બચત મંડળની વિગત**

| ક્રમ | વિગત | શરૂઆત ૨૦03 થી માર્ચ-૨૦૧૮ સુધી | ૨૦૧૮ થી ૨૦૧૯ | કુલ |
|---|---|---|---|---|
| 1 | ગામની સંખ્યા | ૪૯ | -૧ | ૪૮ |
| 2 | કુલ બચત મંડળ/<br>નવા બચત મંડળ બન્યા<br>બચત મંડળ બંધ થયા | ૧૩૧<br><br>- | <br>0૪<br>03 | ૧૩૨ |
| 3 | મંડળના સભ્ય બેનોની સંખ્યા<br>બેનો છુટા થયા (-) નવા બેનો જોડાયા (+) | ૧૬૪0 | (-)૭૨<br>(+)૯૨ | ૧૬૬0 |
| 4 | ધિરાણ લેનાર બેનોની સંખ્યા | ૫૪૯૪ | ૪0૭ | ૫૯0૧ |
| 5 | ધિરાણ ચૂકતે કરેલ બેનો | ૪૨૯૮ | ૨૯૧ | ૪૫૮૯ |
| 6 | ધિરાણની પુનઃ ચુકવણી ચાલુ હોય એવા બેનો | ૧૧૯૬ | - | ૧૩૧૨ |

**બચત મંડળમાં ધિરાણના કારણો**

| ક્રમ | વિગત | શરૂઆત ૨૦૦૩ થી માર્ચ-૨૦૧૮ સુધી | ૨૦૧૮ થી ૨૦૧૯ | કુલ | ટકા% |
|---|---|---|---|---|---|
| 1 | આર્થિક | ૨૨૩૨ | ૧૪૪ | ૨૩૭૬ | ૪૧% |
| 2 | મિલકત | ૮૫૦ | ૫૭ | ૯૦૭ | ૧૫% |
| 3 | અન્ય જરૂરિયાત | ૧૧૪૬ | ૧૧૨ | ૧૨૫૮ | ૨૧% |
| 4 | સામાજીક | ૧૨૬૬ | ૯૪ | ૧૩૬૦ | ૨૩% |
| | **કુલ** | **૫૪૯૪** | **૪૦૭** | **૫૯૦૧** | **૧૦૦%** |

સાબરકાંઠા જીલ્લામાં તલોદ તાલુકામાં દાદરડા નામનું ગામ આવેલું છે. દાદરડામાં અંજલિ પ્રેરિત ત્રણ મહિલા બચત મંડળ ચાલે છે.એમાંનું એક દીપેશ્વરી મહિલા બચત મંડળ. આ બચત મંડળમાં ૮ સભ્યબેનો. બધા જ નિયમિત. એમાના એક ઉષાબેન વિક્રમસિંહ ઝાલા. તેમના પતિ ડ્રાઈવર તરીકે છુટક કામ કરતાં હતા. આવક ખાસ ન હતી. તેમણે મંડળમાં વાત કરી કે પોતાના પતિ માટે હપ્તાથી પોતાનું સાધન લાવવું છે, જેથી તેઓ ડ્રાઈવિંગનું કામ કરી શકે. તેમણે તબક્કાવાર રૂ.૭૦,૦૦૦ ધીરાણ ઉપાડ્યું. ઉષાબેને મારુતિની ઇક્કો ગાડી ડાઉન પેમેન્ટથી ખરીદી. થોડા પોતાના ઘરના ઉમેર્યા. ઉષાબેન આ ગાડીની આવકમાંથી નિયમિત હપ્તા ભરે છે. ઉષાબેને પોતાના પતિ માટે સ્વરોજગાર ઉભો કર્યો.

માળી, હિંમતનગર તાલુકામાં સાબરકાંઠા જીલ્લાનું ગામ. માળી ગામમાં અંજલિ પ્રેરિત બે મહિલા બચત મંડળ. શ્રી રાજ મહિલા બચત મંડળ ૧૧ વર્ષથી ચાલે. એના દસ સભ્ય બેનો. બધા બેનો ખુબ નિયમિત બચત અને ધિરાણની લેવડ દેવડ કરે. શરુઆતમાં આ બેનો ખેતરે મજુરી કરવા જાય. હાલમાં મોટાભાગની બેનોએ મંડળમાંથી વારા ફરતી ધીરાણ ઉપાડી,નિયમિત પરત કરી, ગાય અને ભેંસના તબેલા બનાવ્યા. તેઓની વ્યક્તિગત બચત ૩૦,૦૦૦ જેટલી થઈ છે. રમીલાબેન રોહિતકુમાર વણકર શરૂઆતથી જ જોડાયેલા. તબક્કાવાર અત્યાર સુધી રૂ.૨,૮૦,૦૦૦ ધિરાણ તરીકે લીધા અને ભર્યા. છેલ્લે રૂ.૧,૦૦,૦૦૦ ભેંસ લાવવા ઉપાડ્યા. તેમની આવક સારી થાય છે. રમીલાબેન અને રોહિતકુમાર બન્ને તબેલામાં જાત મહેનત કરે છે અને સારી આવક થાય છે. મંડળ તેમને સારું ઉપયોગી થયું.

૪ **કુદરતી સંસાધનમાં અભિવૃદ્ધિ - વૃક્ષારોપણ :**

આ વર્ષે એવું નક્કી કર્યું કે રાયણના તળાવ પાસે વૃક્ષારોપણ તો કરીએ જ સાથે સાથે રણાસણ ગામમાં કાંજણ નદીને કિનારે, મેશ્વો નદીને કિનારે, ગામમાં પાણી સમિતિ (ગ્રામ પંચાયતની) ની ખુલ્લી જગ્યા પર વૃક્ષારોપણ કરીએ. રણાસણ ગામના ગ્રામજનો સાથે મીટીંગો કરી અને ચર્ચા કરવામાં આવી. મીટીંગમાં બધાજ ગ્રામજનોએ તથા રણાસણ ગ્રામ પંચાયતે સંમત્તિ આપી. એ પ્રમાણે આયોજન કર્યું.

આ વર્ષે રાયણની ખાલી જગ્યા, રણાસણ બાજુના મેશ્વો નદી કિનારે અને ગામમાં મળીને કુલ ૧૩૦૦ વૃક્ષોનું રોપણ કર્યું. સાથે સાથે જુના વૃક્ષોની કાળજી, માવજત પણ કરવામાં આવી. અવિકસિત હોય એવા ૨૫૦ જેટલા બદલ્યા.

આ વર્ષે રાયણ વિસ્તારમાં આવેલો કુવો. જેમાંથી પાણી પીવડાવતા હતા. તેને સરખો કરવા જતા ધસી પડ્યો એટલે પાણી પીવડાવવાની તકલીફ પડી. રણાસણ સ્થિત ઇન્ડસ્ટ્રી મીના પ્રિન્ટ્સ, અમારી વ્હારે આવી અને તેમના તરફથી આખું વર્ષ પાણી પીવડાવવાની સગવડ કરી આપવામાં આવી. તેઓના અમે ખુબ જ આભારી છીએ.

૫ **કાર્યકરોનો વિકાસ**

વર્ષ દરમ્યાન કાર્યકરો સાથે ધાર્મિક,રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરી. સ્ટાફના કાર્યકરોનો ગાંધી કુટીર, ગાંધીનગર અને ગાંધી આશ્રમ, અમદાવાદનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો. વિવિધ તાલીમ, સેમીનાર અને મીટીંગોમાં ભાગ લીધો.

| ક્રમ | વિગત | સ્થળ | કાર્યકરો ભાગ લોધો |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ ગવર્મેન્ટ આયોજિત AAA+ માસ્ટર ટ્રેનિંગ | અંજલિ, રણાસણ | ૩ |
| ૨ | જન સ્વાથ્ય અભિયાન ગેપ એનાલિસિસ ટ્રેનિંગ | સહજ,વડોદરા | ૨ |
| ૩ | આરોગ્ય સંભાળ માટે નાગરિકની અપેક્ષા | સહજ, વડોદરા | ૨ |
| ૪ | અર્લી બ્રેસ્ટ ફીડીંગ, માતા અને બાળ મરણ વર્કશોપ | જીલ્લા આરોગ્ય વિભાગ, હિંમતનગર | ૨ |
| ૫ | ઘરેલું હિંસા – સ્ટેટ લેવલ consultation | સ્વાતી, ગાંધીનગર | ૧ |
| ૬ | ફાયર સેફટી અંગે રીફ્રેશર ટ્રેનિગ | અંજલિ, રણાસણ | અંજલિના બધા કાર્યકરો |
| ૭ | અર્લી બ્રેસ્ટ ફીડીંગ, માતા અને બાળ મરણ તાલીમ | જીલ્લા આરોગ્ય વિભાગ, હિંમતનગર | ૩ નર્સ બહેનો |
| ૮ | જીવીએચએ સાધારણ સભા મીટીંગ | જીવીએચએ, અમદાવાદ | ૨ |
| ૯ | જનપથ સાધારણ સભા મીટીંગ | જનપથ, અમદાવાદ | ૧ |
| ૧૦ | "ગાંધી ૧૫૦" કાર્યક્રમમાં | વિશ્વ મંગલમ, અનેરા | ૩ |
| ૧૧ | નવજાત શિશુમાં તકલીફોને ઓળખવા અને સારવાર અંગે કાર્યશાળા | સેવા રુરલ, ઝઘડિયા | ૨ નર્સ બહેનો |

**વૃક્ષારોપણ**

અંજલિ વર્ષ ૨૦૦૮-૦૯ થી વૃક્ષારોપણની કામગીરી કરી રહી છે. દર વર્ષે આપણે રણાસણ ગ્રામ પંચાયતની પરવાનગી લઈ અત્યાર સુધીમાં રાયણના તળાવ પાસેની જમીન પર, રણાસણ ગામમાં ૫૫૦૦ જેટલા વૃક્ષોનું રોપણ કર્યું.

આ વર્ષે એવું નક્કી કર્યું કે અત્યાર સુધી ગામજનોના સહકારથી રણાસણમાં સફળતાપૂર્વક વૃક્ષારોપણ કર્યું છે તો પાડોશી ગામોમાં પણ કરીએ. એટલે અમે હિંમતનગર જતા રોડ પર (રણાસણ ચોકડી થી નવલપુર ગામની વચ્ચે) રોડની બન્ને બાજુ વૃક્ષારોપણ કરવું એમ નક્કી કર્યું. આ માટે નવલપુર ગામમાં, ગ્રામજનો સાથે વિસ્તારથી અને ગંભીરતાથી સઘન ચર્ચા કરી. મોટાભાગના ગ્રામજનોએ હા પાડી. મેશ્વો નદીના પટમાં વૃક્ષારોપણ કરવા માટે નવા ગામના ગ્રામજનો સાથે મીટીંગ કરી અને સઘન રીતે ચર્ચા કરવામાં આવી.

બન્ને ગામમાં મીટીંગમાં બધાજ ગ્રામજનોએ હા પાડી અને અંજલિના વૃક્ષારોપણની કામગીરીના વખાણ કરવામાં આવ્યા.

ઘણા ગ્રામજનોના ઉદ્દગાર હતા "અંજલિ દ્વારા રોડ પર વૃક્ષો વાવ્યા છે તેથી આ ગરમીમાં ઘણી રાહત થઈ છે" આ મીટીંગો ભર ઉનાળે મે મહિનામાં થયેલ. અમે તો ખુબ ઉત્સાહમાં આવી ગયા અને તૈયારીમાં લાગી ગયા. બધું આયોજન કર્યું. જેસીબી બોલાવી ખાડા ખોદવાની શરૂઆત કરી. ત્યારે નવલપુર ગામના ગ્રામજનો, જેના ખેતર રોડ પર હતા, તેઓએ વિરોધ કર્યો અને ખાડા કરવાનું રહેવા દીધું. વૃક્ષારોપણ સરકારી જમીનમાં જ કરવાનું હતું, પરંતુ ગ્રામજનોનું કહેવું હતું કે "ઝાડના છાયડાથી પાકનું ઉત્પાદન ઘટી જશે " (વૃક્ષો હશે તો વરસાદ પડશે ને ?). નવા ગામની મેશ્વો નદી અને ખરાબાની જમીન પર જેસીબીથી ખાડા કર્યા, વૃક્ષારોપણ કરવા માટેના આ ખાડા પાસે નવી માટી અને ખાતરની ઢગલીઓ કરવામાં આવી અને વૃક્ષારોપણ શરૂ કર્યું. ત્યારે ગ્રામજનો આવીને કહે કે, જો વૃક્ષો હશે તો પ્રાણીઓ આવશે અને અમારા પાકને નુકસાન પહોચાડશે. ધમકીઓ આપવામાં આવી અને વૃક્ષારોપણ બંધ રાખ્યું. ખાડા કરવાનો, માટી તથા ખાતરનો ખર્ચ લેખે ન લાગ્યો.

વિશાળે જગ વિસ્તારે, નથી એક માનવી
પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ.
(સાબરકાંઠાના વતની કવિ શ્રી ઉમાશંકર જોશી)

અમે અંજલિમાં વૃક્ષારોપણની ટીમ સ્તબ્ધ. સમાજનો ખરો ચહેરો જોવા મળ્યો. ફક્ત વાતો કરવાથી, વોટસએપમાં પર્યાવરણના મેસેજ વાંચવાથી કે ફોરવર્ડ કરવાથી પર્યાવરણ સમૃધ્ધ નહિ કરી શકાય. અમલ કરવો વધારે મહત્વનું છે.

**અંજલિની નવી વેબ સાઈટ www.anjalisrhd.org**

અમદાવાદથી એક શુભેચ્છકનો ફોન આવ્યો કે, જાપાનમાં સ્થાયી થયેલા, એક ગુજરાતી પરિવાર વતી તેમના અમદાવાદમાં રહેતા, કુટુંબીજનો સંસ્થા જોવા આવવાના છે. ખુબ સાદાઈથી તેઓ આવ્યા. બપોરનો રિસેસનો સમય હોવાથી બેઠા, બહાર જઇને જમવાનો કાર્યક્રમ પૂરો કર્યો અને પછી તેમની સાથે મુલાકાત થઇ. ખુબ રસપૂર્વક શરૂઆતથી હાલ સુધીની માહિતી લીધી. સંસ્થા જોઈ અને ચર્ચા કરી. બધું જોયા પછી તેમણે જણાવ્યું કે આટલું વ્યાપક અને જરુરિયાત મંદ માટે હોસ્પિટલ ચલાવો છો પણ તમારી વેબ સાઈટ જોઇને અહી ખુબ ખચકાટ થી આવ્યા છીએ. જેવું  કામ કરો છો તેવું  વેબ સાઈટ પરથી દેખાતું નથી.

થોડો આંચકો લાગ્યો. ઘણા સમયથી વેબસાઈટ બનાવેલી અને દર વર્ષે વાર્ષિક અહેવાલ અપલોડ કરતાં પણ રોજ બરોજની કામગીરી અંગે માહિતી અને ફોટા મુકતા ન હતા. (અમે પ્રાથમિક માળખું બનાવેલું પણ ખુબ સરસ બનાવીશું ની ચાહમાં કામચલાઉ પણ ના બનાવી શક્યાં, તેવું પણ ખરું) આ બનાવે અમારી આંખ ઉઘાડી અને અમે કામે લાગી ગયા. આજના ડીજીટલ યુગમાં કામ કરીએ તો આધુનિક પદ્ધતિએ  કામ બતાવવું પણ પડે અને આવડત કેળવવી પણ પડે. આપણે કામ કરી જાણીએ પણ ડોક્યુમેન્ટટેશનમાં કાચા પડીએ, જે અમે આ અનુભવથી નિયમિત રહેવાનું નક્કી કર્યું.

ખેર, અમદાવાદના તે મુલાકાતીઓનો ખુબ આભાર સાથે જાણ કરવાની કે અંજલિની નવી વેબસાઈટ બની ગઈ છે.

**www.anjalisrhd.org વેબસાઈટ નું નામ છે.**


નવી વેબસાઇટમાં  અંજલિની બધીજ પ્રવૃત્તિઓની વિગતવાર મહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

ખાસ જે દાતાઓએ તિથી નોધાવી છે તે તિથિ જે તે દિવસે ફોટા સાથે તેમાં મુકવામાં આવેછે. જે તમે જોઈ શકો છો. ( વેબસાઈટ ના DONATE પાના ઉપર)

નવી વેબસાઈટ એક વખત જોવા અને તમારા કોઈ સૂચનો હોય તો જણાવવા નમ્ર વિનંતી.

સૂચન  મોકલવા માટે ૯૪૨૬૪૧૩૧૯૨ ઉપર વોટ્સએપ અથવા ફોન કરી શકો છો.

# શ્રદ્ધાંજલિ



અંજલિ સંસ્થાએ આ વર્ષે તેના સ્થાપક ટ્રસ્ટી ડૉ. હસમુખભાઈ શાહને ગુમાવ્યા છે.

અંજલિની સ્થાપનામાં તેમની અગત્યની ભૂમિકા હતી. તેમના શુભેચ્છકો સાથે મીટીંગ કરીને અંજલિ માટે શરૂઆતનું ભંડોળ ઉભું કરવામાં મદદરૂપ થયા. અંજલિની દરેક પ્રવૃતિમાં રસપૂર્વક ભાગ લેતા. વિવિધ કેમ્પમાં, અંજલીના વાર્ષિક કાર્યક્રમમાં, અંજલિના ફંડ ઉભું કરવાના કાર્યક્રમમાં, સ્નેહ મિલનમાં સક્રિય ભાગીદારી સાથે સામેલ થયા. અંજલિ હોસ્પિટલમાં પોતાની મેડીકલ સેવાઓ આપવાનું પણ ખુબ ગમતું અને જયારે પણ તક મળે ત્યારે પોતાની સેવા આપી.

અંજલિના કાર્યકરો સાથે પણ મનમેળ થઈ ગયેલો. અંજલિને નાણાકીય સહયોગ પણ આપતા રહ્યા. તેઓ ડૉ. લલિતભાઈના વડીલ બંધુ (મોટાભાઈ) થાય. લલિતભાઈને ડોક્ટર બન્યા પછી જરૂરીયાતમંદ લોકો માટે જ કામ કરવું છે તે જાણી, આ વિચારને નક્કર સ્વરૂપ આપવાની પ્રક્રિયાથી લઈ અંજલિ સંસ્થાની સ્થાપના તથા છેક સુધી સતત પીઠબળ આપ્યું.

તેઓ ૧૯૭૧-૭૨ થી વડોદરામાં પ્રાઇવેટ પ્રેક્ટીશનર હતા. વડોદરા શહેરમાં પણ દર્દીની સાચી અને જરૂરી સારવાર કરતાં અને માર્ગદર્શન આપતા.

દર્દીઓમાં તેમણે પોતાની ખાસ જગ્યા બનાવી હતી. પહેલેથી શિષ્ટ વાંચન અને ખાસ કરીને નવું અને વિવિધ આધ્યાત્મિક ચિંતનના પુસ્તકો વાંચવાનો, તેના વીશે ચર્ચા કરવાનું ગમતું. સાથે સાથે અમને પણ તે અંગે પ્રેરણા આપતા. તેમના સહવાસથી આવી લોકોપયોગી પ્રવૃત્તિમાં ઘણા બધા સાથે સંબંધ કેળવાયો અને અમને છેક સુધી પ્રોત્સાહિત કરતા રહ્યા. તેમને ૨૦૧૨માં લંગ ફાઈબ્રોસીસ નો રોગ લાગુ પડ્યો હતો. પરંતુ અંતિમ દીવસો સુધી જીવનને જીવંત રાખ્યું અને સભરતાથી જીવ્યા. તેમને અંજલિ અને અમારા વતી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

## સંક્ષિપ્ત નાણાંકીય વ્યવસ્થા
## (ઓડિટેડ ઉપજ – ખર્ચ ખાતા પ્રમાણે)
## ૨૦૧૮-૨૦૧૯

| | ખર્ચ | આવક |
|---|---|---|
| અંજલિ હોસ્પિટલ | ૨૭૫૭૩૧૫૦.૭૨ | ૧૨૭૪૫૩૫૦.૧૦ |
| વુમન્સ કાર્યક્રમ(બહેનોનો કાર્યક્રમ) | ૧૦૮૧૯૨૧.૪ | |
| પર્યાવરણ કાર્યક્રમ | ૨૮૦૮૪૪.૭૫ | |
| એસ્ટાબ્લીશમેન્ટ | ૧૦૯૭૪૯૭.૮૩ | |
| વ્યાજ | | ૪૨૩૦૭૦૮.૮૨ |
| અન્ય આવક | | ૬૭૪૫૬૧.૮૦ |
| રીએમ્બર્સમેન્ટ ઓફ પ્રોગ્રામ એક્સપેન્ડીચર | | ૫૬૦૦૫૦૦.૦૦ |
| કુલ (૧) | ૩૦૦૩૩૪૧૪.૭૦ | ૨૩૨૫૧૧૨૦.૭૨ |
| કુલ ઘટાડો (આવક કરતા ખર્ચનો વધારો) | | ૬૭૮૨૨૯૩.૯૮ |
| કુલ ઘટાડો( ખોટ) | ૬૭૮૨૨૯૩.૯૮ | |
| ઘસારો (૨) | ૩૯૭૬૦૦૦.૭૫ | |
| વર્ષ દરમિયાન દાતાશ્રીઓ તરફથી<br>પ્રાપ્ત થયેલ આર્થિક સહાય જેના થકી<br>ખર્ચના વધારાને પહોચી વળાયું. (૩) | | ૬૩૮૫૯૬૪.૮૦ |
| ખોટ (આવક-ખર્ચ ખાતે સરવૈયામા લઇ ગયા. (૪) | | ૪૩૭૨૩૨૯.૯૩ |

# FORM NO. 10B

**[ See rule 17B ]**

**Audit report under section 12A(b) of the Income Tax Act, 1961, in the case of charitable or religious trusts or institutions**

I have examined the balance sheet of **ANJALII : SOCIETY FOR RURAL HEALTH & DEVELOPMENT (PAN:AAATA2113L) as at 31 March, 2019** and the Profit and loss account for the year ended on that date which are in agreement with the books of account maintained by the said trust or Institution.

I have obtained all the information and explanations which, to the best of our knowledge and belief, were necessary for the purposes of the audit. In my opinion, proper books of accounts have been kept by the head office & branches of the above named trust visited by me so far as appears from our - examination of the books, and proper returns adequate for the purposes of audit have been received from branches not visited by me, subject to the comments given below :

As per audit Report

In my opinion and to the best of my information, and according to information given to me, the said accounts, give a true and fair view:-

(I) In the case of the balance sheet, of the state of affairs of the above named trust as at 31 March, 2019, and

(II) In the case of the profit and loss account, of the profit or loss of its accounting year ending on 31 March, 2019.

The prescribed particulars are annexed here to.

Place : AHMEDABAD

Date : 13/09/2019

DILIP R. SHAH & CO.
Chartered Accountants

[DILIP R. SHAH PROP]
M. No. 30610
FR No. 102572W

# Audited Balance Sheet (Abridged)* 2018-19

| Liabilities & Trust Fund | Amounts | Amounts |
|---|---|---|
| Trust Fund Corpus: | | 52464052.82 |
| Hospital Sustenance/Development Fund: | | 7354741.00 |
| Other earmarked funds & N.R.Grants: | | 75617168.65 |
| Other liabilities / Sundry creditors | | 204158.00 |
| Depreciation fund | | |
| F. C. Assets Depreciation Fund | 1346104.22 | |
| Movable Assets | 10325054.94 | |
| Immovable Assets | 22562745.08 | 34233904.24 |
| **TOTAL** | | **169874024.71** |

| Assets | Amounts | Amounts |
|---|---|---|
| Immovable Assets (Gross Block) | | 41273224.01 |
| Movable Assets (Gross Block) | | 24071466.88 |
| FC Assets | | 4675969.00 |
| Investments (FDR Dena Bank, HDFC Trust Deposit) | | 57600000.00 |
| Deposits : UGVCL, Telephone, Gas & Land | | 356334.00 |
| Cash & Bank Balances | | 6200705.54 |
| Sundry Debtors | | 1062573.66 |
| Income outstanding / Interest receivable | | 1653014.70 |
| Closing Stock of Medicine | | 883735.84 |
| **Income & Expenditure A/C:** | | |
| Opening Balance | 27724671.84 | |
| Less : Balance Sheet Difference | 0.69 | |
| Add : Deficit during the year | 4372329.93 | 32097001.08 |
| **TOTAL** | | **169874024.71** |


* Detailed audited Balance Sheet and Income & Expenditure is available on request

# Audited Income & Expenditure (Abridged)* 2018-19


| **Income** | | **Amount** |
|---|---|---|
| Gross medical receipt from patients | 23889490.75 | |
| LESS:a)Value of free OPD & IPD | 8655504.32 | |
| b)Value of free Medicine | 2488636.33 | |
| **Net hospital receipt** | 12745350.10 | 12745350.10 |
| General donation | | 5897824.00 |
| General donation - FC | | 488140.80 |
| Interest | | 4230708.82 |
| Other Income | | 674561.80 |
| Reimbursement of programme expenditure | | 5600500.00 |
| Excess of expenditure over income | | 4372329.93 |
| **TOTAL** | | **34009415.45** |

| **Expenditure** | **Amounts** |
|---|---|
| Anjali Hospital | 27573150.72 |
| Women's programme expenses | 1081921.40 |
| Environment, enrichment programme | 280844.75 |
| Establishment expenditure | 1097497.83 |
| Depreciation | 3976000.75 |
| **TOTAL** | **34009415.45** |

**ખર્ચ : ૩૪૦૦૯૪૧૫.૪૫**




**આવક : ૩૪૦૦૯૪૧૫.૪૫**



**ACCOUNTING POLICIES:**

The Accounts are maintained as per generally accepted accounting principle and are in line with there levant guideline statements, standards issued by the Institute of Chartered Accountants of India.

**METHOD OF ACCOUNTING:**

